# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2023** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- **આજે સ્વચ્છતા માટે એક તારીખ એક કલાક એક સાથે પહેલના ભાગરૂપે રાજયના તમામ જીલ્લાઓમાં વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓ યોજાશે.**
- **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે અમદાવાદ ખાતે 1 હજાર 651 કરોડ રૂપિયાના પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું.**
- **રાજ્ય સરકારે અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ ફેઝ-3નાં સાડા ચાર કિલોમીટરનો સ્ટ્રેચ ડેવલપમેન્ટ કરવા માટે શોભા ડેવલપર્સ સાથે કરાર કર્યા છે.**
- **રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે.**
- **રૂપિયા બે હજારની ચલણી નોટો પરત કરવાની અને બેન્કોમાં જમા કરાવવાની મુદત વધુ એક સપ્તાહ લંબાવવામાં આવી છે.**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Shramdan

આજે સ્વચ્છતા માટે એક તારીખ એક કલાક એક સાથે પહેલના ભાગરૂપે રાજયના તમામ જીલ્લાઓમાં વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓ યોજાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના રાણીપમાં શ્રમદાનમાં ભાગ લેશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમના વિધાનસભા ક્ષેત્ર ઘાટલોડીયામાં સ્વચ્છતા અભિયાનમાં જોડાશે. રાજયના મંત્રી મંડળના સભ્યો, વિધાનસભાના સભ્યો સહિત વિવિધ જનપ્રતિનિધિઓ રાજયભરમાં વિવિધ સ્થળોએ એક કલાક સુધી શ્રમદાન પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ એક અહેવાલમાં જણાવે છે કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં આજે મોટી સંખ્યામાં શ્રમદાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં સ્વચ્છતા હી સેવા પોર્ટલ પર 30 હજારથી વધુ શ્રમદાન કાર્યક્રમો નોંધાયા છે. જેમાં 25 લાખથી વધુ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. શ્રમદાન કાર્યક્રમોમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી અને ઝીરો વેસ્ટ પહેલને પ્રોત્સાહિત કરવામાં આવશે. સ્વચ્છતા હી સેવા ઝુંબેશ હેઠળ રાજયના ગ્રામીણ વિસ્તારોમાં અત્યારસુધીમાં એક લાખ 25 હજાર પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં આવી છે.

સ્વચ્છતા હી સેવા ઝુંબેશના ભાગરૂપે રાજયમાં આશરે 11 હજાર બ્લેક સ્પોટ પર મેગા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાવેલ લાઇક કેમ્પેઇન અંતર્ગત રાજયના 14 જાણીતા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ પર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

---

-અપર્ણા ખૂંટ, અજય ઇન્દ્રેકર -(નવીન)

# Amit Shah - Gujarat

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે અમદાવાદ ખાતે 1 હજાર 651 કરોડ રૂપિયાના પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું.

ગાંધીનગરના તેમના લોકસભા મત વિસ્તારમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી શાહે જી-20 સમિટની અભૂતપૂર્વ સફળતા, ઐતિહાસિક મહિલા આરક્ષણ વિધેયક, નવા સંસદ ભવન અને ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં ચંદ્રયાન-3ના સફળ ઉતરાણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે.

ગઇકાલે યોજાયેલા કાર્યક્રમમાં ગૃહમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકા અને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના કુલ ચાર તળાવો સહિત પિંક ટોઇલેટ, ઓવરહેડ ટાંકી, ત્રાગડ ખાતે લલિતા ગોવિંદ ઉદ્યાન, કોમ્યુનિટી હોલ, એમ.એસ.પાઇપલાઇન સહિતના પ્રકલ્પોનું વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું હતું.

------------------------------------------------------------------

-રીપીટ

# AMIT SHAH-NIPER

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ એ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આવનારા 10 વર્ષમાં ભારત દવા ઉત્પાદન ક્ષેત્ર માટે મહત્વના ગણાતા એ.પી.આઇ. જેવા પદાર્થોના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની સાથે સાથે તેની નિકાસ કરવામાં પણ સક્ષમ બનશે.

ગાંધીનગરના પાલજ ખાતે રાષ્ટ્રીય દવા શિક્ષણ અને સંશોધન સંસ્થાના સ્થાયી કેમ્પસના ઉદ્ઘાટન બાદ સંબોધન કરતા શ્રી શાહે જણાવ્યું કે દવાના ઉત્પાદન ઉપરાંત દવા ક્ષેત્રે સંશોધનમાં આત્મ નિર્ભરતા હાંસલ કરવામાં નાઇપર જેવી સંસ્થા ભૂમિકા ભજવશે. આ ક્ષેત્રે ભારતને વિશ્વનો ભાગ બનાવવા માટે કેન્દ્ર સરકાર ફાર્મા પાર્ક બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટે પ્રોત્સાહન આપી રહી છે, તેમજ મેડિકલ ક્ષેત્રે જરૂરી ઉપકરણોના ઉત્પાદનમાં પણ ભારતને આત્મ નિર્ભરતા બનાવવામાં પ્રયાસો કરી રહી છે.

## (બાઇટ અમિત શાહ)

આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા ઉપસ્થિત રહ્યા હતા.

--------------------------------------------------------------------

-રીપીટ

# C.M. MOU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારે અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ ફેઝ-૩નાં સાડા ચાર કિલોમીટરનો સ્ટ્રેચ ડેવલપમેન્ટ કરવા માટે શોભા ડેવલપર્સ સાથે કરાર કર્યા છે.

શોભા ડેવલપર્સ આ પ્રોજેક્ટ માટે આગામી પાંચ વર્ષમાં ૧૦૦૦ કરોડનું રોકાણ કરશે. આ પ્રોજેક્ટ દ્વારા સંભવિત કુલ ૭૫૦ રોજગારીની તકો ઊભી થશે અને આ સ્ટ્રેચ ડેવલપમેન્ટનું કાર્ય ૨૦૨૪માં શરૂ કરવામાં આવશે.

રાજ્ય સરકાર વતી શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર અને શોભા ગૃપના સ્થાપક-ચેરમેન પીએનસી મેનને કરાર પર હસ્તાક્ષર કર્યાં હતા.

---------------------------------------------------------------------

-માહિતી, અજય ઇન્દ્રેકર -(નવીન)

# Food and drug regulatory

ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. તાજેતરમાં જ ખોરાક ઔષધ નિયમન તંત્રની આણંદ વર્તુળ કચેરીના અધિકારીઓ દ્વારા આણંદમાં આવેલી મે. મંથન ડેરીમાંથી ઘી અને દૂધનો 4 લાખ 45 હજારની કિંમતનો 700 કિલોગ્રામ ભેળશેળવાળો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગાંધીનગર ફૂડ ટીમ અને પાટણ કચેરી દ્વારા સંયુક્ત રીતે પાટણ ખાતેની બહુચર ટ્રેડર્સમાં સફળ રેડ કરીને આશરે 13 હજારની કિંમતનો 150 કિલોગ્રામ ભેળશેળવાળા પામોલીન તેલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-માહિતી, અજય ઇન્દ્રેકર -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

……………………………………

# High Speed Rail Track Slab

ગુજરાતના આણંદ નજીક હાઈ સ્પીડ રેલ ટ્રેક સ્લેબ ઉત્પાદન સુવિધા શરૂ કરવામાં આવી છે.

જેમાં સંપૂર્ણ રીતે સ્વ ચાલિત સુવિધા એમએ એચએસઆર કોરિડોર માટે 116 કિલોમીટર ડબલ લાઇન હાઇ સ્પીડ રેલ ટ્રૅક માટે ટ્રૅક સ્લેબનું ઉત્પાદન કરાશે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર માટે જરૂરી ટ્રેક સ્લેબના ઉત્પાદન માટે એક નવી ટ્રેક સ્લેબ ઉત્પાદન સુવિધા રાજયમાં ઊભી કરવામાં આવી છે.

આ સુવિધા 1 લાખ વર્ગ મીટરના ક્ષેત્રમાં ફેલાયેલી છે જે આઠ મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવી છે. આ સુવિધામાં પ્રતિ દિવસ 60 ટ્રેક સ્લેબનું ઉત્પાદન કરી શકે છે.

ગુજરાતમાં એમએચએસઆર કોરિડોરના ૨૩૬ કિલોમીટરના ટ્રેક સ્લેબ બનાવવા માટે ગુજરાતમાં સુરત જિલ્લા નજીક કિમ ગામમાં એક વધુ ટ્રેક સ્લેબ ઉત્પાદન સુવિધા ઊભી કરાઇ રહી છે

-----------------------------------------------------------------

-રીપીટ

# RBI

રૂપિયા બે હજારની ચલણી નોટો પરત કરવાની અને બેન્કોમાં જમા કરાવવાની મુદત વધુ એક સપ્તાહ લંબાવવામાં આવી છે. નોટો પરત કરવા માટે 30મી સપ્ટેમ્બર અંતિમ દિવસ હતો જે હવે લંબાવીને સાતમી ઓકટોબર કરવામાં આવ્યો છે.

ગઇકાલે અંતિમ દિવસે સમીક્ષા કર્યા બાદ તારીખ લંબાવવાનો નિર્ણય લેવાયો હોવાનું RBIએ જણાવ્યું છે. આ વર્ષે 19મી મે ના રોજ RBIએ બે હજાર રૂપિયાની નોટ પરત ખેંચવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત વખતે કુલ રૂપિયા 3.56 લાખ કરોડના મુલ્યની રૂપિયા  બે હજારની નોટોમાંથી 29મી સપ્ટેમ્બર 2023ના અંતે 3.42 લાખ કરોડની નોટ બેન્કમાં પરત આવી ગઇ હોવાનું RBIએ જણાવ્યું છે.

------------------------------------------------------------------------

-પુલ, અજય ઇન્દ્રેકર -(નવીન)

# Bhavnagar Waste disposal

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા અંગે નવા અભિગમ સાથે નારી ખાતે આવેલી ડમ્પીંગ સાઇટ પર 4.80 લાખના લેગેસી વેસ્ટનો નિકાલ કરીને 10 હજારથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવ્યું છે કે, નારી ડમ્પીંગ સાઇટ પર 5 લાખ ટન કચરામાંથી 4 લાખ 80 હજાર વેસ્ટનો નિકાલ કરી દેવામાં આવ્યો છે અને ખાલી થયેલ જગ્યા પર 10 હજાર વૃક્ષો રોપવામાં કામગીરી હાથ ધરાઇ છે.

------------------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, સિમ્પલ -(નવીન)

# IIPHG

ગાંધીનગરમાં આવેલી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ (IIPHG) યુનિવર્સિટીનો સાતમો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ભારત સરકારના સ્પેસ કમિશનના સભ્ય એ. એસ. કિરણકુમારની પ્રેરક ઉપસ્થિતિમાં માસ્ટર ઓફ પબ્લિક હેલ્થ, માસ્ટર ઓફ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન અને એસોસિયેટ ફેલો ઑફ ઈન્ડસ્ટ્રિયલ હેલ્થના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

સમારોહના અધ્યક્ષ કિરણકુમારે પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ભારત દેશ વિશ્વગુરુ બનવાની ક્ષમતા ધરાવે છે અને તે જ દિશામાં આગળ પણ વધી રહ્યો છે. જાહેર આરોગ્ય ક્ષેત્રે વિવિધ સંશોધનો અને નવી તકનીક વિકસાવવામાં યુવા પેઢીનું યોગદાન મહત્વપૂર્ણ પૂરવાર થશે.

આ સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે ૧૪૭ વિદ્યાર્થીઓને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

---

-માહિતી, અજય ઇન્દ્રેકર -(નવીન)

# Dang Miletus Cafe

ડાંગના વઘઇ બોટાનીકલ ગાર્ડન ખાતે વન પર્યાવરણ મંત્રી મુકેશ પટેલના હસ્તે મહિલાઓ સંચાલિત 'ડાંગ મિલેટસ કાફે'નો શુભારંભ કરાયો હતો.

આ પ્રસંગે મંત્રી પટેલે જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ વર્ષ-2023ને મીલેટસ વર્ષ ઘોષિત કર્યું છે. જેની ઉજવણીના ભાગરૂપે ડાંગ વન વિભાગ દ્વારા 'વઘઈ પરિસરિય પ્રવાસન વિકાસ સહકારી મંડળી' ના નેજા હેઠળ મહિલાઓ સંચાલિત મીલેટસ બેકરીની શરૂઆત કરવામા આવી છે.

અમારા ડાંગના પ્રતિનિધિ મુનિરા શેખે જણાવ્યું કે ડાંગ અને સાપુતારા આવતા પ્રવાસીઓને આ બેકરીનો લાભ મળશે. આ મીલેટસ બેકરીમાં  નાગલી, જુવાર, મકાઈ, બાજરો, ચણા અને  મોરચો વિગેરે જેવા આખા ધાનથી  બિસ્કિટ, કુકીઝ, કેક, બ્રેડ, પિત્ઝા, પાસ્તા વિગેરે વાનગીઓ મહિલાઓ દ્વારા બનાવી વેચાણ કરવામાં આવશે. જેનાથી લોકોને આરોગ્યપ્રદ અને પૌષ્ટિક આહાર મળી રહેશે તો સાથે મિલેટસ વાનગીઓ પ્રત્યે લોકોને જાગૃત પણ કરી શકાશે, અને સ્થાનિક બહેનોને રોજગારીની તક ઉપલબ્ધ કરી શકાશે.

---

-પીટીસી, ડાંગ, મુનિરા, સિમ્પલ-(નવીન)